**શ્રી એચ.કે.આચાર્ય,પ્રિસાઈડીંગ ઓફીસર સીટીંગ મજૂર અદાલત મોડાસા,**

**હિંમતનગર સમક્ષ.**

**વ.કો.પરચુરણ અરજી નં.૨/૨૦૨૧**

**(ઈન વ.કો.(ફેટલ) અરજી નં.૧૧/૨૦૧૨)**

**આંક-૧૧**

અરજદાર : વિષ્ણુભાઈ અમરસિંહ પુંજારા
રહે. વાંટડા(કાબોલા), તા.મોડાસા, જિ.અરવલ્લી

વિરુધ્ધ

સામાવાળા : શ્રી અશોક એ. પટેલ
સેનેર્ઝી પોલીમર્સ પ્રા.કંપની લિ.ના પ્રોપરાઈટર
રહે. ૮/ઉમીયા બંગ્લોઝ, ગાયત્રી સ્કૂલ પાસે,
દેવી સિનેમા નજીક, અમદાવાદ

પ્રતિનિધિત્વ : અરજદાર તરફે વિ.પ્રતિનિધિ શ્રી. ડી.ડી.પટેલ
સામાવાળા તરફે કોઈ હાજર નથી.

**//હુકમ//**

(૧) અરજદારે આ અરજી વર્કમેન કોમ્પનસેશન એક્ટની કલમ ૩૧ હેઠળ દાખલ કરેલ છે જેની ટુંકમાં હકિકત એવી છે કે અરજદાર આ કામના સામાવાળાને ત્યાં નોકરીની ફરજ બજાવતા હતાં. તે દરમ્યાન તા.૦૪/૦૭/૨૦૧૨ ના રોજ નોકરીની ફરજ દરમ્યાન અકસ્માતમાં ઈજા પામેલ જેનું વળતર મેળવવા અરજદારે વ.કો. અરજી નં.૧૧/૨૦૧૨ થી વળતર અરજી દાખલ કરેલ હતી. જે વળતર અરજીમાં નામદાર કોર્ટે તા.૧૯/૦૩/૨૦૧૯ ના રોજવળતર અરજી મંજુર કરી હુકમ પસાર કરેલ છે. જે હુકમ અન્વયે આ કામના સામાવાળાને આ કામના અરજદાર પુંજારા વિષ્ણુભાઈ અમરસિંહને થયેલ અકસ્માત ઈજાના કારણે રહેલ કાયમી આંશિક અશક્તતાના

વળતરની રકમ રૂ! ૪,૦૦,૮૭૮/- (અંકે રૂપિયા ચાર લાખ આઠસો ઈઠ્ઠોતેર પુરા) અકસ્માત ઈજા તા. ૦૪/૦૭/૨૦૧૨ થી વસુલ થતા સુધીના સમયગાળાના ૧૨% લેખે સાદા વ્યાજ, સારવાર ખર્ચની રકમ રૂ! ૨૫,૨૦૧/- અને અરજી ખર્ચની રકમ રૂ! ૨,૫૦૧/- તેમજ પેનલ્ટીની રકમ રૂ! ૧,૦૦,૨૨૦/- આ કામના અરજદારને ચુકવી આપવા સારુ અત્રેની અદાલતમાં જમા કરાવવાનો હુકમ કરેલ છે. આ હુકમ મુજબ સામાવાળાએ નિયત સમય મર્યાદામાં અકસ્માત વળતરની રકમ, વ્યાજની રકમ, પેનલ્ટીની રકમ,ખર્ચની રકમ કોર્ટ સમક્ષ જમા કરાવેલ નથી જેથી અરજદારે સદરહુ હુકમ મુજબની રકમ રેવન્યુ રાહે સામાવાળા પાસેથી વસુલ કરવા જિલ્લા કલેક્ટર શ્રી, મોડાસા તરફ વસુલાત સર્ટીફીકેટ કાઢી આપવાની વિનંતિ કરેલ છે. આ અરજી સાથે અરજદારે સોગંદનામુ તથા મુળ વ.કો.અરજી નં.૧૧/૨૦૧૨ના કામમાં આંક-૨૧ થી તા.૧૯/03/૨૦૧૯ના રોજ પસાર કરવામાં આવેલ હુકમની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે.

(૨) આ કામ આ કોર્ટ સમક્ષ ચાલતુ હતુ તે દરમ્યાન અરજદાર દ્વારા આંક-૧૦ થી કેસ પરત ખેંચવા પરવાનગી માંગતી અરજી રજુ કરેલ છે. જે અરજી અન્વયે નામદાર કોર્ટ દ્વારા રેકર્ડ ઉપર લઈ નીચે મુજબનો હુકમ પસાર કરેલ છે.

//હુકમ//

અરજદારની અરજી વંચાણે લીધી. અરજદારને રૂબરૂમાં પુછતા તેઓ જણાવે છે કે તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા ન હોઈ પરત ખેંચવા માંગે છે. ન્યાયના હિતમાં અરજદારને આ પરચુરણ અરજી પરત ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે.

તા.૨૪/૦૯/૨૦૨૧ (હર્ષલભાઈ કામેન્દુભાઈ આચાર્ય)

સ્થળ : મોડાસા **(GJ00774)**

ન્યાયાધીશ

મજુર અદાલત, મોડાસા સીટીંગ

હિંમતનગર